ક્રાઈમ બ્રાન્ચ 'પેટ્રોલકાંડ'માં મોટો વળાંક: ફરિયાદી યુવકે કહ્યું, 'હું તો એમને ઓળખતો પણ નથી!'

વડેચાએ કોર્ટમાંથી ડીસીપી સામેની પિટિશન પરત ખેંચી: 'કોઈના ઉશ્કેરવાથી મેં ખોટો આક્ષેપ કર્યો હતો

કાઇમ રિપોર્ટર | રાજકોટ

રાજકોટ શહેર પોલીસના ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને તેમની ટીમ સામે ગંભીર આરોપો લગાવીને પોલીસ બેડામાં ખળભળાટ મચાવનાર સુરેશ વડેચાએ આજે અચાનક પલટી મારી છે. થોડા દિવસો પહેલાં ટોર્ચરિંગ અને ગુદામાં પેટ્રોલ છાંટ્યાના આક્ષેપ સાથે હોસ્પિટલના બિછાનેથી પોલીસ પર માછલાં ધોનાર આ કથિત પત્રકારે હવે કબૂલાત કરી છે કે, તેણે આ બધું જ 'બીજાના ઉશ્કેરવાથી' કર્યું હતું.

રાજકીય ગતિવિધિઓ પર ફરી વળ્યું પાણી

સુરેશના આ યૂ-ટર્નથી પોલીસ તંત્ર સામે મોરચો માંડીને બેઠેલા વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયા પર પોલીસને ટાર્ગેટ કરનારા તત્ત્વો માટે ક્ષોભજનક સ્થિતિ પેદા થઈ છે. બીજાના ખભે બંદૂક રાખીને પોલીસની છબી ખરડાવવાના આ પ્રયાસનો ફિયાસ્કો થયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

શું હતો સમગ્ર વિવાદ?

થોડા સમય અગાઉ સુરેશ વડેચા સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો અને આરોપ લગાવ્યો હતો કે:

- ડીસીપી જગદીશ બાંગરવા અને તેમની ટીમે તેને ક્રાઈમ બ્રાન્ચમાં બોલાવી ઢોરમાર માર્યો હતો.
- ગંભીર આક્ષેપ એવો હતો કે, ગુદાના ભાગે પેટ્રોલ છાંટવામાં આવ્યું હતું.
- આ મામલે રાજકીય રંગ પકડાયો હતો અને કોંગ્રેસના ધારાસભ્યો પણ મેદાને આવ્યા હતા.
- મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો અને પિટિશન દાખલ કરવામાં આવી હતી.

સુરેશ વડેચા વિરુદ્ધ ઘણી અરજીઓ અમને મળી છે તેની તપાસ થશે: બાંગરવા

આ મામલે ડીસીપી જગદીશ બાંગરવાએ મક્કમતાથી જણાવ્યું હતું કે,"આક્ષેપો પાયાવિહોણા સાબિત થયા છે તે અલગ વાત છે, પણ સુરેશ વડેચા વિરુદ્ધ ઘણી અરજીઓ અમને મળી છે. તેની સામે જે અરજીઓ છે તેની તપાસ થશે અને તપાસના અંતે કાયદેસરનો ગુનો તો દાખલ થશે જ. પોલીસ પોતાની કામગીરીમાં કોઈ કચાશ રાખશે નહીં.'

હવે કેમ ફેરવી તોળ્યું?

આજે વાઈરલ થયેલા એક ચોંકાવનારા વીડિયોમાં સુરેશ વડેચાએ સ્પષ્ટ કર્યું છે કે, "મારે ડીસીપી બાંગરવા સાથે કોઈ અંગત દુશ્મની નથી. હું તેમને ઓળખતો પણ નથી. કોઈના કહેવાથી ઉશ્કેરાઈને મેં આ ફરિયાદ કરી હતી. હવે મને મારી ભૂલ સમજાઈ છે એટલે હું કોર્ટમાંથી પિટિશન પરત ખેંચી રહ્યો છું.' મહત્ત્વની વાત એ છે કે, તેણે કોઈ પણ પ્રકારના પોલીસ કે રાજકીય દબાણનો ઈનકાર કર્યો છે.

પોરબંદર-આસનસોલ, ઓખા-શકુર બસ્તી વચ્ચે સાપ્તાહિક ટ્રેન

વેકેશનની ભીડ માટે રેલવે બે સમર સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ટ્રાન્સપોર્ટેશન રિપોર્ટર | રાજકોટ

ઉનાળુ વેકેશનમાં પ્રવાસીઓના ધસારાને ધ્યાને રાખીને પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા વધુ બે મહત્ત્વની 'સમર સ્પેશિયલ' ટ્રેન શરૂ કરાશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, પોરબંદર-આસનસોલ અને ઓખા-શકુર બસ્તી (દિલ્હી કેન્ટ) વચ્ચે વિશેષ ભાડા પર આ ટ્રેન દોડાવશે.

પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સ્પેશિયલ (09205/09206) ટ્રેન પોરબંદરથી દર સોમવારે સવારે 8.50 કલાકે ઉપડશે અને બુધવારે સવારે આસનસોલ પહોંચશે. પરતમાં આસનસોલથી દર બુધવારે રાત્રે 23.05 કલાકે ઉપડી શુક્રવારે પોરબંદર પહોંચશે. આ ટ્રેન 13 એપ્રિલથી 1 જુલાઈ, 2026 સુધી દોડાવાશે. આ ટ્રેન જામનગર, રાજકોટ, અમદાવાદ, ઝાંસી, પ્રયાગરાજ અને ગયા ઊભી રહેશે.

એવી જ રીતે બીજી ટ્રેન ઓખા-શકુર બસ્તી સુપરફાસ્ટ સ્પેશિયલ (09523/09524) ઓખાથી દર મંગળવારે સવારે 10:20 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 10:35 કલાકે દિલ્હી પાસે આવેલ શકુર બસ્તી પહોંચશે. પરતમાં ત્યાંથી દર બુધવારે બપોરે 13:15 કલાકે ઉપડી ગુરુવારે બપોરે ઓખા પહોંચશે. આ ટ્રેન 14 એપ્રિલથી 1 જુલાઈ, 2026 સુધી દોડાવાશે. આ ટ્રેનના મુખ્ય સ્ટોપેજ દ્વારકા, રાજકોટ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર અને જયપુર છે. આ બંને ટ્રેન માટેની ટિકિટોનું બુકિંગ 10 એપ્રિલ, 2026 થી IRCTCની વેબસાઈટ અને તમામ રિઝર્વેશન કાઉન્ટરો પર શરૂ થશે. બંને ટ્રેનમાં એસી-2, એસી-3, સ્લીપર અને જનરલ કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.

મનહરપુરમાં બીમારીથી કંટાળી વૃદ્ધનો આપઘાત

કાઇમ રિપોર્ટર | રાજકોટ

શહેરના જામનગર રોડ પર આવેલા મનહરપુર-1 વિસ્તારમાં લાંબી બીમારીથી કંટાળીને 70 વર્ષીય વૃદ્ધે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધાનો બનાવ સામે આવ્યો છે. માહિતી મુજબ, મફતિયાપરામાં રહેતા ભૂપતભાઈ ભારથીભાઈ વાડોદરિયા છેલ્લા ત્રણ મહિનાથી ગંભીર રીતે બીમાર હતા. થોડા સમય પહેલા પડી જવાથી ઈજાઓ થતાં પથારીવશ હતા. હલનચલનમાં મુશ્કેલી હોવાથી પથારીમાં બેઠા થવા માટે છતના લોખંડના એંગલ સાથે દોરી બાંધી આપી હતી.બુધવારે સવારે પુત્ર રૂમમાં ગયો ત્યારે ભૂપતભાઈ તે જ દોરી વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.

કમિશનરેટ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન, ગુજરાત
એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ
એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ

DDCET 2026

પરીક્ષાની તારીખમાં ફેરફાર
DDCET ઈજનેરી માટે નવી તારીખ: 05.05.2026
DDCET ફાર્મસી માટે નવી તારીખ: 09.05.2026

ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનાર હોવાથી, DDCET-૨૦૨૬ના તમામ ઉમેદવારોને જાણ કરવામાં આવે છે કે ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનારી પરીક્ષા ની તારીખ બદલવામાં આવે છે. હવેથી DDCET ઈજનેરી માટે પરીક્ષા ૦૫ મે ૨૦૨૬ના રોજ અને DDCET ફાર્મસી માટે ૦૯ મે ૨૦૨૬ના રોજ યોજાશે.
ઉમેદવારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ ફેરફારની નોંધ લે અને વધુ માહિતી માટે સમિતિની વેબસાઇટ https://acpc.gujarat.gov.in/ પર નિયમિત મુલાકાત લેતા રહે.

Website of the Committee https://acpc.gujarat.gov.in | Website for online Process https://gujacpc.admissions.nic.in/ | 079-26566000 08.00 am to 12.00 (Mid Night)

કર્મચારી/ડીડીસી/૧૮૮૮/૨૬/૨૦૨૬

:: જાહેર ચેતવણી ::

આથી જાહેર જનતાને જણાવવાનુ કે હયાત દદકેવી વડત્રા ગોઈજ એકવડી એચ ફ્રેમ ડોગ કંડક્ટર વીજરેષા માથી સુચિત દદ કેવી બેરાજા સબ સ્ટેશન સુધી પાંથર ટાવર પર ડોગ કંડક્ટર વડે દદકેવી ની બેવડી વીજરેષા આશરે ૧૩.૯૨ કીમી લંબાઈ ની કે જે મહદઅંશે જામ ખંભાળીયા તાલુકા ના ગામ આથમણા બારા, ઉગમણા બારા, દખણા બારા, વચલા બારા, સામોર, હંસ્થળ, વડત્રા, બેહ, ઝાકસીયા, દાત્રણા, નાના આસોટા, બેરાજા ગામ ના સિમતળ તથા આજુ બાજુના વિસ્તાર માંથી પસાર થાય છે. આ વીજરેષા મા દદ કે.વી.ના વિજ દબાણથી તા.૧૦.૦૪.૨૦૨૬ શુક્રવાર કે ત્યારબાદ ગમે ત્યારે કાયમી ધોરણે વિજપ્રવાહ વહેતો કરવામાં આવશે તો આ લાઈનમાં ટાવર પર ચડવુ નહીં, તેમજ આ વિજરેષાની નજીક કે નીચે કે કેબલ ની ઉપર કાચુ કે પાકુ બાંધકામ કરવુ નહીં, કસુરવાર થયે જાનમાલની હાની થવા સંભવ છે, તો આવી કોઈ જાનહાની માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ જવાબદાર રહેશે નહીં, તે બાબતની ખાસ નોંધ લેવા વિનંતી.

'સાવચેતી પાળો, અકસ્માત ટાળો'

કાર્યપાલક ઈજનેર (બાંધકામ), બાંધકામ વિભાગ, જેટકો જામનગર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
જાહેર નિવિદા

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગાંધીનગરને નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કંપની ધારા,૨૦૧૩ તેમજ રાજ્ય સરકારના નાણાં વિભાગના જાહેર સાહસોના બ્યુરોની ગાઈડ લાઈન અન્વયે જી.એસ.ટી. કન્સલ્ટન્ટ તેમજ ઇન્કમટેક્ષ ટી.ડી.એસ. કન્સલ્ટન્ટ તરીકે રસ ધરાવતી પેઢી પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે તેમજ ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરવા માટે નિગમની વેબસાઈટ www.gujarattourism.com પર જોવા વિનંતી છે. ભરેલ ટેન્ડર તા.29/04/2026 ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક સુધીમાં ટેન્ડરમાં જણાવેલ સરનામે રજુ કરવાના રહેશે.

મેનેજિંગ ડિરેક્ટર
ગુપ્રનિલિ

હળવદ નગરપાલિકા - હળવદ જિ.મોરબી
// ઓનલાઈન જાહેર નિવેદા //

હળવદ નગરપાલિકા દ્વારા ઈ-ટેન્ડરીંગથી સરકારશ્રી દ્વારા મળેલ વિવિધ ગ્રાન્ટ અંતર્ગત TPI ની કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામ નં.૧ Project Management Third Party Inspection Agency for Different Development Works Supervision in Different Grant for Halvad Nagarpalika

અંદાજીત રકમ રૂ.00.00	કામની સમય મર્યાદા ૧૨-માસ
ઈ.એમ.ડી. રૂ.100000.00	ટેન્ડરફી રૂ.1000.00
વેબસાઈટ નું નામ :	tender.nprocure.com
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય	૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૮:00 કલાક સુધી
ટેન્ડરના જરૂરી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું	૨૯/૦૪/૨૦૨૬ ના ૧૮.00 કલાક સુધી ,ચીફ ઓફિસર, હળવદ નગરપાલિકા, મુ.હળવદ, જિ.મોરબી
ટેકનીકલ બીડ ખોલવાની તારીખ	30/04/2026, ના ૧૧.00 કલાકે
પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ	30/04/2026,ના ૧૧.30 કલાકે (શક્ય હશે તો)

ભાવપત્રકો https://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી તા.૧૦/૦૪/૨૦૨૬ ના બાદ ડાઉનલોડ કરી શકાશે. હવે પછીની બધીજ આનુસાંગિક માહિતી નોટીફીકેશન અને સુધારા-વધારા ઉપર નિર્દિષ્ટ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને આબાધિત રહેશે.

ચીફ ઓફિસર, હળવદ નગરપાલિકા | પ્રમુખ, હળવદ નગરપાલિકા

માહિતી/રાજ/43/26

અવસાન નોંધ

રાજકોટ| સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ ચંદ્રિકાબેન કનૈયાલાલ દવે(ઉ.વ.86)તે સ્વ.કનૈયાલાલ મુરલીધર દવેના પત્ની તથા સ્વ. કાંતિલાલ પ્રાણજીવન મહેતાના દીકરી તથા બિન્દુબેન કૌશિકભાઈ દવેના માતા તથા જ્યોત્સનાબેન અધ્યારૂ ,મીનાબેન દેસાઈ અને ડી.કે.મેહતાના મોટાબહેનનું તા.6 ને સોમવારના રોજ રાજકોટ ખાતે અવસાન થયું છે. બંને પક્ષનું બેસણું તા.11 ને શનિવારે સાંજે 4.30 થી 6.30 કલાકે, બાજ ખેડાવાળ બ્રાહ્મણ વાડી, અમરેલીમાં રાખેલ છે.

નવગામ ભાટિયા ગોંડલ નિવાસી હાલ રાજકોટ પ્રતાપભાઈ ગોપાલદાસ સંપટ (ઉ.વ. 72) તે સ્વ. કુસુમબેન ગોપાલદાસ સંપટ તથા સ્વ. ગોપાલદાસ પોપટલાલ સંપટના પુત્ર તથા નિલાબેનના પતિ તથા રીનાબેન નરેશભાઈ ઘઘડા, આરતીબેન પાર્થભાઈ ઉંદેશી, રૂચીબેન ધર્મેશભાઈ આશર, આકાશભાઈ , આનંદભાઈના પિતા તથા ધીરેન્દ્રભાઈ, પ્રકાશભાઈ, સ્વ. મધીબેન, ગં.સ્વ. નયનાબેન, ગં.સ્વ. જાગૃતીબેનના ભાઈનું તા. 7ના અવસાન થયું છે. ઉઠમણું તા. 9ને, ગુરૂવાર સવારે 10 કલાકે, શ્રી કાઠિયાવાડ ભાટિયા વિદ્યાર્થી ભવન, રેલ્વે જંકશન સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ દિનેશભાઈ વી. વિરડાના પુત્ર નિશાંત (ઉ.વ.34) તે સ્વ. સતીષભાઈ, સ્વ. હસમુખભાઈ, મનસુખભાઈ, સંજયભાઈના ભત્રીજા તથા દેવેનભાઈ, સ્વ.મયુરભાઈ, ચંદ્રેશભાઈ, નિલેષભાઈ, જયેશભાઈ આર. ડવના ભાણેજનું તા.6ના અવસાન થયું છે. બેસણું તા. 9 ને ગુરૂવારના રોજ સાંજે 4 થી 6 કલાકે, મેઘાણી રંગભવન, ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

ગોદાવરીબેન જગજીવનભાઈ દુદકિયા (ઉ.વ.89)નું તા. 6ના અવસાન થયું છે. બેસણું તા. 10ને શુક્રવારના રોજ સાંજે 4:30 થી 6:00 કલાકે, શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ, 10 ભક્તિનગર સ્ટેશન પ્લોટ, ગોંડલ રોડ ખાતે રાખેલ છે.

ઇન્દિરાબેન શાહ (ઉ.વ.88) તે સ્વ. અરવિંદભાઈ લહેરચંદ શાહના પત્ની તથા જિજ્ઞેશભાઈ, ડો. ઉન્નતીબેન જયેશભાઈ શાહ (મુંબઈ) દીપ્તીબેન ઓજસભાઈ શેઠ (અમેરિકા)ના માતાનું તા. 7ના અવસાન થયું છે. બેસણું તથા પ્રાર્થનાસભા તા. 9ને ગુરૂવારના રોજ સાંજે 4 થી 6 કલાકે, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ હોલ, કોટેચા ચોક પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

મૂળ જૂનાગઢ, હાલ રાજકોટ કિશોરભાઈ મનસુખભાઈ દોશી તે મૌલિક, તેજશના પિતાનું તા. 7ના અવસાન થયું છે. ઉઠમણું તા. 9ને ગુરૂવારના રોજ પારસધામ જિનાલય, ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ ખાતે સવારે 10 કલાકે રાખેલ છે.

જામનગર। મૂળ લીયા ગામ, હાલ જામનગર જયશ્રીબા નવલસિંહ રાણા તે સ્વ. નવલસિંહ બી. રાણાના પત્ની તે શિવરાજસિંહ નવલસિંહ રાણા , ધીરેન્દ્રસિંહ નવલસિંહ રાણાના માતા તે ગીરીરાજસિહં રાણા, સૂખદેવસિહં રાણા, ગજુભા બાલુભા રાણા, વનરાજસિહં રાણા, અરવિદંસિહ રાણાના ભાભી તે શકિતસિંહ રાણાના કાકાનું તા.7ના અવસાન થયું છે. સદગતનું બેસણું ભાઈઓ તથા બહેનો માટે તા.10ના સાજે 5 થી 5:30 વાગ્યે પાબારી હોલ, તળાવની પાળે રાખવામાં આવ્યું છે.

બાલુબેન લક્ષ્મણભાઈ ડેર (ઉ.વ.71) તે મુન્નાભાઈ, જયદેવભાઈના માતા તે જગદીશભાઈ સામતભાઈ ડેર, વાયતભાઈ સામતભાઈ ડેરના ભાભી તે વિરલભાઈ વાસુરભાઈ ડેર, રિધિશભાઈ વાસુરભાઈ ડેરના મોટાબાનું તા.8ના અવસાન થયું છે. સદગતનું બેસણું તા.9ના સાંજે 5થી 6 દરમિયાન રામેશ્વર મહાદેવ મંદિર, રામેશ્વરનગર, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

સાવરકુંડલા| **ચંપાબેન** વલ્લભભાઈ વાજા(ઉ.વ.75) તે ધર્મેન્દ્રભાઈ, મુન્નાભાઈ અને ઘનશ્યામભાઈના માતાનું તા.6ને સોમવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.9ને ગુરૂવારે સાંજે 4 થી 7 કલાકે તેમના નિવાસ સ્થાન મારૂતિ નગર શેરી નં-૩ રામેશ્વર ખાતે રાખેલ છે.

કાંતિલાલ પ્રતાપરાય ભટ્ટ (ઉ.વ.82) તે સ્વ. ચંપકલાલ પોપટલાલ પંડ્યા, સ્વ. મધુસૂદન પોપટલાલ પંડ્યા અને સ્વ. હર્ષદરાય પોપટલાલ પંડ્યાના ભાણેજનું તા.3ને શુક્રવારે અવસાન થયેલ છે. સાદડી તા.9 ને ગુરૂવારે સાંજે 5થી 6 કલાકે તેમના નિવાસ સ્થાન સમુદ્રી માતાનું મંદિર, ગાંધી ચોક, કંડોળીયા શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

ભાસ્કર APPOINTMENT | ભાસ્કર CLASSIFIED

નોકરી વિષયક APPOINTMENT

કોલ સેન્ટર/ ટેલીકોલર

ફોનપર ઘરેબેઠા વાતચીત કરીશકે લેડીઝ/ ગર્લ્સજોઈએ- આકર્ષક સેલેરી (વરૂણભાઈ) 9978152632

માર્કેટીંગ એન્ડ સેલ્સ

જોઈએ છે રાજકોટ ઓફિસ માટે માર્કેટિંગ એક્ઝિક્યુટિવ (Male)/ વયઃ 18થી 30 વર્ષ પગાર+ ઈન્સન્ટિવ મો નંબરઃ 9978171928

ઓફીસ સ્ટાફ

ગુજરાતમાં છોકરાઓ/ છોકરીઓની તાત્કાલિક જરૂરિયાત એરપોર્ટ પગાર ૨૮૦૦૦-૪૫૦૦૦ રહેવા +ભોજન +વાહન સુવિધા 9695263476

ટ્યુકડી જાહેરાત આપવા માટે 99090 99123

પ્રોપર્ટી PROPERTY

રહેણાંક વેચવાનું છે

3BHK ફ્લેટ વહેંચવાનો છેકસમા ૪થા માળે(લિફ્ટ નથી), જાગનાથ મંદિર પાસે. ૭૦૧૬૬ ૩૩૮૩૭

દિવ્ય ભાસ્કર સાચી વાત, બેધડક

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઈપણ ભર્ચ ઉઠાવવા અથવા કોઈપણ વાયદા કરવા પર અમલ કરતા પહેલા જરૂરી પૂછપરછ કરવા અને બોગસ તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતુ નથી. ડીબી કોર્પ લિમિટેડના પ્રિન્ટર, પ્રકાશક, સંપાદક અને માલિક, જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો દિવ્ય ભાસ્કર પ્રકાશન સમૂહને કોઈપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.

પશ્ચિમ રેલવે પોરબંદર ⇌ આસનસોલ વચ્ચે અઠવાડિક સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

ટ્રેન નં.	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	સેવાની તારીખો	પ્રસ્થાન	આગમન
09205	પોરબંદર - આસનસોલ	13/04/2026 to 29/06/2026	08:50 (કલાકે) (સોમવાર)	06:45(કલાકે) (બુધવાર)
09206	આસનસોલ - પોરબંદર	15/04/2026 to 01/07/2026	23:05 (કલાકે) (બુધવાર)	21:50(કલાકે) (શુક્રવાર)

હોલ્ટ્સ: ભાનવડ, લાલપુર જામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બિના, લલિતપુર, વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, પ્રયાગરાજ જં., મિર્ઝાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, ભબુઆ રોડ, સસારામ, દેહરી ઓન સોન, ગયા, કોદરમા, હઝારીબાગ રોડ, પારસનાથ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ગોમોહ અને ધનબાદ સ્ટેશનો બંને બાજુ.

રચના: એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.

સમય, હોલ્ટ્સ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૨૦૫ માટે બુકિંગ ૧૦.૦૪.૨૦૨૬ ના રોજ તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૨૯.૦૪.૨૦૨૬

સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	૪ બીએચકે ફ્લેટ નં. બી-૩૦૧ : જેનો વિસ્તાર ૧૮૦.૩૨ સ્કે.મી., ત્રીજો માળ, બી બિલ્ડીંગ, 'વસંત કુંજ' પુષ્કરધામ મેઈન રોડ, કાલાવડ રોડ તરફ, નાના મવા, રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200084999568)	તા. ૦૨.૦૫.૨૦૨૫ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૧,૬૫,૧૯,૧૮૮ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૦૯.૧૨.૨૦૨૫)	(૧) પાયલ સિધ્ધાર્થભાઈ રાવલ, (૨) ભાષાબિનીબેન ભુપેન્દ્ર રાવલ	(૧) પાયલ સિધ્ધાર્થભાઈ રાવલ, (૨) ભાષાબિનીબેન ભુપેન્દ્ર રાવલ	રૂા. ૧,૫૩,૦૦,૦૦૦ ----- રૂા. ૧૫,૩૦,૦૦૦ ----- રૂા. ૫૦,૦૦૦	૧૮.૦૪.૨૦૨૬ સવારે ૧૧.૩૦ થી બપોરે ૧૨.૩૦
૨	૩ બીએચકે ફ્લેટ : જેનો વિસ્તાર ૭૭.૫૩ સ્કે.મી., ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, વિણા એપાર્ટમેન્ટ, જાગનાથ પ્લોટ, શેરી નં. ૧૫/ બી, એકલવ્ય કોમ્યુનિટી હોલ સામે, ઠેમુ ગઢવી માર્ગ તરફ, રાજકોટ - ૩૬૦૦૦૧ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200059498065)	તા. ૨૭.૦૫.૨૦૨૫ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૪૩,૨૦,૧૯૪ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૨.૧૧.૨૦૨૫)	(૧) હેમા ભદ્રેશ મશરૂ અને (૨) ભદ્રેશભાઈ હર્ષદકુમાર મશરૂ	(૧) હેમા ભદ્રેશ મશરૂ અને (૨) ભદ્રેશભાઈ હર્ષદકુમાર મશરૂ	રૂા. ૪૪,૦૦,૦૦૦ ----- રૂા. ૪,૪૦,૦૦૦ ----- રૂા. ૧૦,૦૦૦	૧૮.૦૪.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦
૩	સ્થાવર ૨ (બીએચકે) રહેણાંક મિલકત : જે ફ્લેટ નં. બી/૩૦૧, ત્રીજો માળ, બેકબોન રેસિડેન્સી, ૧૫૦ રિંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૬ ખાતે સ્થિત છે. બિલ્ટ અપ એરિયા : ૫૪.૭૦ સ્કે.મી. (Property ID: SBIN200058361096)	તા. ૩૦.૧૨.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૧૭,૮૨,૭૪૪.૦૦ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૩.૦૪.૨૦૨૪)	હાર્દિક શરદચંદ્ર ઐયા	હાર્દિક શરદચંદ્ર ઐયા	રૂા. ૧૫,૫૦,૦૦૦ ----- રૂા. ૧,૫૫,૦૦૦ ----- રૂા. ૧૦,૦૦૦	૧૮.૦૪.૨૦૨૬ બપોરે ૩.૦૦ થી બપોરે ૪.૦૦
૪	રહેણાંક : જે શ્રી ચેતનભાઈ લલીતભાઈ આડેસરા ના નામનું છે તે ગોવિંદપરા શેરી નં. ૨, પીપળીયા હનુમાનજી મંદિર પાસે, ગુંદાવાડી મેઈન રોડ તરફ, રાજકોટ. રાજકોટ રે.સ. નં. ૨૮૮/ ૧ પૈકી, પ્લોટ નં. ૪/ સી અને ૫/એ, સબ પ્લોટ નં. ૪/સી + ૫/ એ-૪ (દક્ષિણ બાજુ), પ્લોટનો વિસ્તાર ૫૫.૦૬ સ્કે.મી., સીટી સર્વે વોર્ડ નં. ૧૦/૧, તાલુકો અને જીલ્લો રાજકોટ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200028859001)	તા. ૩૧.૦૫.૨૦૨૫ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૫૪,૪૩,૮૩૯ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૭.૧૧.૨૦૨૫)	(૧) ચેતનભાઈ લલીતભાઈ આડેસરા અને (૨) વિશાલ લલીતભાઈ આડેસરા